સાલ : ૧૪ / સિલસિલાવાર નંબર : ૧૩૬ / શુમારો : ૪ — કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૩૮ / એપ્રિલ - મે ૨૦૧૭

# મુલ્કે અઝીમ

## ➔ આલે અત્હર અને મુલ્કે અઝીમ :

અલ્લાહતઆલાના કિતાબે અઝીમ, કુરઆને કરીમમાં સૂરતુન્નિસામાં **"મુલ્કે અઝીમ"** ની ખિક્રે ખૈર કરે છે. આ ઝિક્ર સાથે મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) અને આપની આલ પર અલ્લાહનો ફઝલ, તેની કિતાબ અને હિકમત તેમજ અઝીમુશ્શાન મુલ્ક અને બાદશાહત જોડાયેલી છે. આપ હક્કના નબી હતા. આપ અલ્લાહના ઘરને તાઅમીર કરનાર હતા. તે ઘરમાં આપ અને આપની આલ ઈબાદત કરીને તેના અહલ થયા યાઅની અહલુલ બૈત થયા. અલ્લાહનો ફઝલ આલે ઈબ્રાહીમ પર થયો કે, આપથી તમામ નાપાકી, કુદૂરત અને ગલાઝતને દૂર કરી નાંખી. આપની સુન્નતોના સબબ આપની આલમાં પાકીઝગી બરકરાર રહી. આપની આલ સાથે આલે મોહંમદ (સ.અ.) નું જોડાણ થયું જેના સબબ આ આલના તમામ સાહેબો ઈમામતના માલિક થયા. ઈમામતના આલી દરજા અને બલંદ મકામ પર હોવાના સબબ અલ્લાહતઆલાએ આલે ઈબ્રાહીમ અને આલે મોહંમદને કિતાબો હિકમતની નેઅમતે અઝીમહથી નવાઝા. ઈમામત જેમ અબદી-અઝલી છે, તેમ કિતાબો હિકમત પણ અબદી-અઝલી અને કાઈમી-દાઈમી છે. **અલ્લાહના ફઝલ, કિતાબ અને હિકમતની આ તમામ નેઅમાત મિનલ્લાહ છે.** અલ્લાહના ઈઝનના સબબ હોય છે. એક આયત પણ તેના ઈઝન બગૈર આ દુનિયામાં નાઝિલ થઈ શકતી નથી. આ ઈમામત અને ઈઝન મિલીને મુલ્કે અઝીમ બને છે યાઅની રૂહાની બાહશાહત અને નૂરાની હુકૂમત.

આલે ઈબ્રાહીમ અને આલે મોહંમદના હર સાહેબે હક્ક યાઅની મૌ. ઈસ્માઈલ બિન મૌ. ઈબ્રાહીમ (અ.સ.) થી મૌ. કાઈમુલ કેયામહ (અ.સ.) તક આ મુલ્કે અઝીમના સરતાજ અને મુખ્તાર છે. તો શું આ મુલ્કે અઝીમની શાન, બરકાત, નૂર, હક્ક, ઈલ્મ, નિઝામ, અઝમત અને ઈઝ્ઝત, હાસિદ (અદેખાય કરનાર), બાગિઝ (દુશ્મની કરનાર), ગાસિબ (હક્કને ઝૂટવી લેનાર) અને ઝાલિમ (ઝુલ્મ કરનાર) લોગોથી કેમ દેખાય? **આ તરહનું મુઝય્યન અને મુનવ્વર મુલ્ક જોઈને, નેઅમતોંથી પુર ખઝાનો જોઈને હાસિદો પોતાના જ હસદમાં જલી જાય છે.** કૂફામાં અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.), કરબલામાં સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) અને અહમદાબાદમાં શહીદે આઅઝમ સૈ. અલી (ક.રૂ.) ની શહાદતની બિના અને સબબ એ જ હતો કે, આપ તમામ આ મુલ્કે અઝીમના માલિક હતા જે હાસિદોથી બરદાશ્ત ન થયું અને આપને શહીદ કરી દીધા. હર ઝમાનમાં મુલ્કે અઝીમના હાસિદો મૌજૂદ હોય છે. માલિકે મુલ્ક તે અસ્હાબુલ ખૈર માંથી હોય છે અને હાસિદો અસ્હાબુશ્શર માંથી હોય છે.

## ➔ મુલ્કે અઝીમના દુશ્મનો અને તેની સરદારી :

આ અસ્હાબ યાઅની દોઆત બે તરહના હોય છે. એક દોઆતે શર અને બીજા દોઆતે ખૈર. અલ્લાહતઆલાએ એની ખિલ્કત-પૈદાઈશમાં જેને મખ્લૂકાત કે બરીઅહ કહી શકાય છે, તેમાં ખૈર અને શર, તૈયેબ અને ખબીસ, નૈક અને બદ તેમજ સાલેહ અને તાલેહને દરમિયાન ફરક, ઈખ્તેલાફ અને ઈમ્તિયાઝ રાખેલો છે. જો આમ ન હોય તો કોઈ શખ્સ આ બે-બે જોડકાઓના અલાહેદા-અલાહેદા કિરદારની માઅરેફત જ ન કરી શકે. ઉમ્મતે મોહંમદીયહ માંથી ખૈર લોગો યાઅની ખૈરૂલ બરીયહ વાસ્તે અલ્લાહતઆલાએ દોઆતે ખૈર પસંદ કીધેલા છે જે લોગોને ખૈર તરફ દાઅવત કરે અને હક્કના પૈગામને નશર કરે. આ દોઆતના દુશ્મનો તે દોઆતે શર છે, શરના દાઈઓ, ગુમ્રાહ અને દુનિયા-પરસ્ત રઈસો છે. આ રઈસો એવા ચાલાક

(બકીયાહ પેજ નં. ૨ પર)

**થોડો અમલ, મગર ઈલ્મના સાથે ઘણો છે.**

(પેજ નં. ૧ નું બાકી)

શયતાનોં હોય છે કે, દીનદારીનો ખોટો લિબાસ પહેરીને દુનિયાદારી અને ફિત્ના ખોરીનો વેપાર કરતા હોય છે. તેઓનું કામ ઉમ્મતમાં શર ફેલાવવાનું હોય છે કે, જેથી શર લોગોનું એક મોટું ટોલું બને છે જેને શર્રૂલ બરીઅહ કહેવાય છે. આ દોઆતે શર, દોઆતે ખૈરના મુલ્કે અઝીમના કટ્ટર દુશ્મનો હોય છે.

દોઆતે ખૈરની જે ઉપર ઝિક્ર છે તે ઉમ્મતના ખૈર છે, તે અપના ફાતેમી-ઈસ્માઈલી અઈમ્મતે તાહેરીન (અ.સ.) યાઅની પાક ફાતેમી ઈમામો છે. ફાતેમી ઈમામોના વાલિદ અને મૌલા, અમીરૂલ મુમેનીન અલીયુલ મુરતઝા (અ.સ.) છે. આપ મુલ્કે અઝીમના માલિક છે કે, જે મુલ્કને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપને ગદીરે ખુમ્મની જગા પર સિપુર્દ કીધો, જે વક્ત આ રૂહાની મુલ્કે અઝીમમાં રહેવા વાસ્તે આપના નામનો લોગોથી મિસાક લેવામાં આવો. પહેલામાં પહેલા તમામ ઈન્સાનોના બાવાજી યાઅની અબુલ બશર મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) જે વક્ત નબી તરીકે મબઊસ થયા, અલ્લાહના ખલીફા બનીને લોગોના રૂહાની સરદાર થયા તો આપના હાથમાં નુબૂવતના મુલ્કે અઝીમની ઝેમામ અને લુગામ આવી. આખિરમાં આખિર દીને ઈસ્લામને તકમીલ પર પહોંચાવવા અને તમામીયતની મોહર લગાવવા જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌ. અલી (અ.સ.) ખૈરૂલ બશર બનીને આવા, તો આપ આ મુલ્કે અઝીમની સરદારી કરી ચુકેલા તમામ રૂહાની સરદારો-અંબિયાના સરદાર બનીને આવા અને આ મુલ્કને અલ્લાહના કિતાબ-કુરઆન અને અલ્લાહના ફઝલો હિકમતના સાહેબોં-આપની આલથી રૌનક અફરોઝ અને તાબિંદા કીધો. આપે એવી તાબીશ બખ્શી કે, આજે પણ તેના નૂરથી મુમેનીનના અક્લો ફહેમ અને દિલો દિમાગ રોશન છે.

➔ **માલિકે મુલ્કે અઝીમ :**

આ સરદારી અને રિયાસત અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને રૂહાની તેમજ જિસ્માની એમ બેવે જહાનોંની આપેલી છે. આ બેવે આલમના આપને બાદશાહ અને મુલ્કે નુબૂવતના શહેનશાહ બનાવેલા છે. જિસ્માની લેહાઝથી નહીં પણ રૂહાની લેહાઝથી આપની શહેનશાહીયત લાફાની અને હમશા વાસ્તે છે. **જેમ રૂહને મૌત નથી તેમ આપના મુલ્કને ઝવાલ નથી.** આપની રૂહાની સવારી આ દુનિયા માંથી પધારી જાય તે પહેલા આ જિસ્માની આલમના લોગોની હિદાયત વાસ્તે આપની જગા પર રૂહના મકામમાં એક કુદસાની હસ્તીનું આપના વસી, વલી, વારિસ અને વઝીર તરીકે મુકર્રર થાવું ઝરૂરી હતું કે, જે સાહેબ આપની ગૈરહાઝરીમાં આ મુલ્કે અઝીમના ઈલાહી નિઝામને ચલાવી શકે. તે સાહેબ આપના જાઁનશીન, દામાદ અને કાકાજીના દીકરા મૌ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) હતા.

તમામ દુનિયાવી મુલ્કો, તાકતવરમાં તાકતવર બાદશાહતો, ઊંચા-ઊંચા મહેલો, હીરા-જવાહેરાતથી મઢેલા તખ્તો તાજ, સોના-ચાંદીથી છલકાતા ખઝાનાઓ તબાહો તારાજ, બરબાદો હલાક અને નેસ્તો નાબૂદ થઈ જાશે, મગર નબી, વસી અને ઈમામોનું આ મુલ્કે અઝીમ અને સલ્તનતે રૂહાનીયહ કેયામતના દિન તક બાકી રહેશે. વસીએ આઅઝમ, અલીએ આઅલા બાદ આપની આલે અત્હરના ઈમામો આ મુલ્કે રૂહાનીના માલિકે રૂહાની અને મલકે નૂરાની બના. અલી વલીયુલ્લાહના ફરઝંદો, બાવાજી પછી દીકરા અને એક બાદ બીજા આ મુલ્કના વલી બનતા ગયા અને મુમેનીનના ઔલિયા બનીને મુમેનીનને જન્નતના વારિસો બનાવતા રહ્યા.

➔ **માઁ-બાવાજીની ખિદમત :**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "અય અલી! તમેં અને મેં આ ઉમ્મતના માઁ-બાવાજી છીએ. હું બાવાજી છું અને તમેં માઁ છો. હમેં ખૈર ઉમ્મત છીએ અને ખૈરૂ બશર છીએ. **હમારા આ નૂરાની તઅલ્લુકાત અને નસ્સના સબબ ઉમ્મતના તમામ ખૈર લોગો હમારી રૂહાની ઔલાદ છે.**" તો જે લોગોએ અમીરૂલ મુમેનીન (અ.સ.) ની મવદ્દત, વલાયત, વસાયત, મહબ્બત અને ઈતાઅત કુબૂલ કીધી તે પણ દિલ, ઝબાન અને આઅઝાથી, તે ઈકરારને સાથે કે રસૂલુલ્લાહ બાવાજીના ઈન્તેકાલ પુરમલાલ બાદ આપ મૌલા જ વસાયતના ઈલાહી મુલ્કના સુલ્તાન છો અને મુમેનીન-મુખ્લેસીનના

(બકીયાહ પેજ નં. ૩ પર)

**થોડી ખુશી, મગર અલ્લાહના શુક્ર સાથે ઘણી છે.**

(પેજ નં. ૨ નું બાકી)

શફીક-હનીન રૂહાની માઁ છો, તે લોગો જ આપની આ બાદશાહતે અલવીયહ નૂરાનીયહમાં દાખિલ થયા.

ઈતાઅત, પૈરવી, ચાકરી કે ખિદમત માઁ-બાવાજીની સાથે થાય તો ખિદમતની માઅના કે મકસદ બર આવે. ઔલાદ જો કોઈ એકની ખિદમત તર્ક કરી દે તો બીજાની ખિદમત તેને કામ લાગે નહીં. જેમ એક ચહેરા પર બેવે આઁખ સહીહો સાલિમ હોવાના સબબ ચહેરો હસીન લાગે છે તેમ ઈતાઅતના ચહેરા પર નબી-વસીની ઉલ્ફતની બે આઁખ હોય તો જ દીનનું મૂઁહ હસીન બને છે. જે કોઈ એકની ઈતાઅતને મુકે તેનો ચહેરો બદસૂરત અને ખોડ-ખાપણ વાલો બની જાય છે.

➔ **દુનિયાવી મુલ્કના કાનૂન :**

આ મુલ્કે અઝીમની મિસાલ દુનિયાવી હુકૂમત કે સરકારી નિઝામ મુજબ છે. જે કોઈ શખ્સ કોઈ એક મુલ્કમાં રહે અને તે જગાની સરકાર અને હુકૂમતના પ્રાઈમ મિનિસ્ટર-પ્રેસીડન્ટને માને અને તેના કાયદા-કાનૂન અને હુકૂમો ફરમાન મુજબ ચાલે તો જ તે તે મુલ્કનો બાશિન્દો-સીટીઝન કહેવાય. યાઅની તે મુલ્કની ખિદમત તેના પર વાજિબ થાય અને જે કઈ કાર્યવાહી સરકાર લોગો વાસ્તે કરે તે તમામ તેના ઉપર લાગુ પડે. મુલ્કની વફાદારી સાથે જ તે ખુદને તે મુલ્કનો બાશિન્દો-રહેવાસી કહી શકે છે, ભલેને કોઈપણ સરકાર તે મુલ્ક પર રાજ કરતી હોય. અલા હાઝા, આ મુલ્કે અઝીમના માલિક અલીયુલ મુરતઝા (અ.સ.) ની વફાદારી હર એક મુમિન પર વાજિબ છે, ભલેને આપની ઔલાદ માંથી અલગ-અલગ વક્તોંમાં ઈમામતના મનસબ પર સિલસિલાના ઈમામો આવા કરે અને આ મુલ્કની હિફાઝત કરતા રહે.

દુનિયાવી મુલ્કનો બાશિન્દો, સરકાર તરફથી જે કઈ તેને ફાયદાઓ મિલે તે હાસિલ કરે છે પણ તે પહેલા તેના પાસે તે પુરાવા, સર્ટીફીકેટ, લાઈસન્સ, આઈ-ડી, રસીદ વગૈરહ હોવા ઝરૂરી છે કે જે એમ સાબિત કરે કે, તે હકીકતમાં તે મુલ્કનો રહેવાસી છે. આ તમામ તેના પાસે તે જ વક્ત હોય કે તેને બરાબર વક્ત પર તમામ સરકારી લાગાઓ, લવાઝેમાત, ટેક્ષો, બીલો વગૈરહ ભરેલા હોય. જે શખ્સ આ બધી ચીઝોમાં ખબરગીરી અને તકેદારી રાખે છે તે પર સરકાર લતાફતની નઝર રાખે છે અને પછી તેને આધારકાર્ડ કે પાસપોર્ટ હાસિલ કરવામાં કોઈ દિક્કત પડતી નથી. **તેની વતનીયત અને મુલ્કીયતની પહેચાન સાફ થઈ જાય છે અને કોઈને પણ તેની વફાદારી અને નેશનાલીટી પર શક પડતો નથી.** હવે, જે શખ્સ આમાં ચોરી કરે છે, વક્તસર ટેક્ષની ભરપાઈ કરતો નથી તો તેના પર સરકાર તરફથી કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે. તેને સમાજ વાસ્તે ખતરો સમઝવામાં આવે છે. સરકાર તરફથી મિલતા તમામ ફાયદાઓ બંધ કરી દેવામાં આવે છે.

➔ **મુલ્કે અઝીમની વફાદારી કે ગદ્દારી કરનાર :**

હમ મુમેનીન-મુખ્લેસીન પણ અલીયુલ મુરતઝા (અ.સ.) ના મુલ્કે અઝીમના બાશિન્દા છે કે, જેનો રૂહાની તખ્તો તાજ આજે ઈમામુઝઝમાન (અ.સ.) ના હાથમાં છે. આપ સતરમાં હાઝિર-નાઝિર છે અને આપની નિયાબત-નુમાઈંદગી આપના નાઈબ ૪૫ માં દાઈયુલ મુત્લક અબુ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ફરમાવી રહ્યા છે. આપ મૌલાનો મીસાક તે હમ મુમેનીન વાસ્તે મોટામાં મોટું આઈ-ડી પ્રુફ છે. યા એમ કહી શકાય છે આપની બયઅત, મીસાક અને ઈતાઅત મુમેનીન વાસ્તે જન્નતુન્નઈમમાં જાવાનો રૂહાની પાસપોર્ટ છે. **દુનિયાના આ મુલ્કને છોડીને આખેરતના મુલ્ક તરફ હમેં મુમેનીન તે જ વક્ત જઈ શકીશું કે આ પાસપોર્ટ હમારા પાસે હશે.** આપ હમારા રાહનુમા છે, અલ્લાહના ખલીફા છે અને આપની ખિદમત અને વફાદારીના સબબ જ હમેં આ મુલ્કે અઝીમમાં આબાદ અને શાદ છીએ. હમારા વાસ્તે આ મુલ્કની નેઅમતો મુહય્યા એના વાસ્તે છે કે, આપ હમારા મૌલા છે અને હમેં ઈમાનદાર હોવાની હર શરત, કાનૂન અને હક્ક અદા કરીએ છીએ.

જે શખ્સ આપની બયઅતમાં જ ન હોય તે આ મુલ્કનો મુમિન કેમ કહેવાય? તેને આપ સાથે નહીં પણ ખુદના સાથે બેવફાઈ, છેતરપીંડી, ગદ્દારી અને ધોકેબાઝી કીધી છે. જેમ એક સરકાર, ગુનાહગારનો ખાતેમો કરી દે છે, તેમ દાઈયુઝઝમાન, ગદ્દાર શખ્સને આ મુલ્કે અઝીમ માંથી નિકાલ-બાહર કરવાનો અને તેની નાફરમાનીની સઝા આપવાનો પૂરો હક્ક રાખે છે. જેમ

(બકીયાહ પેજ નં. ૭ પર)

**થોડું જમન, મગર આલે મોહંમદ (સ.અ.) પર સલવાત સાથે ઘણું છે.**

## લફઝી કશ-મ-કશ

**✻ ઉભી તરકીબ :**

૧) તલાશ, જુસ્તજૂ, છાનબીન. (૨)
૨) મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.), તમામ અંબિયાના રાસ અને ______ છે. (૩)
૩) આકા મૌલાના ઈલ્મી ______ થી મુમેનીનના કલ્બો ઝમીર નૂરથી લબરૈઝ થઈ જાય છે. (૩)
૭) ______ ને ભુલીને વાત ન કરજો. ઉપરવાલાની લાઠીનો આવાઝ હોતો નથી. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✻ આડી તરકીબ :**

૨) જે મહીનો નબી અને વસીના અજીબો ગરીબ વાકેઆથી ભરેલો છે, તે ______ છે. (૩)
૪) નબીથી લઈને એક અદના મુમિન તક જે અલ્લાહના હક્કના દીન તરફ લોગોને દાઅવત કરે, તેને ______ કહેવાય છે. (૨)
૫) ફહેરિસ્ત, લિસ્ટ. (૨)
૬) ______ વર, તાકતવર, પૈશાવર, નામવર. (૩)

**✻ ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખા | | |
| | ઈ | રા | ન | |
| લા | શા | ╳ | મ | ઝા |
| | રો | ગ | ન | |
| | | મ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનના નામો આવતા શુમારામાં ઝાહિર કરવામાં આવશે. ✫

## યા અલી ! ખુદા કહાઁ છે? (અપની ઝબાન)

ઘની વખત દિલમાં ઈમ સવાલ ઉઠેચ કે, ખુદાતઆલા કિવો હસે? કાં હસે? કિતલો હસે? કિવારે હસે? કોના સાથે હસે? કિવારનો હસે? વગૈરહ. જો અપને જિવા મખ્લૂક પર આ ચીઝના સવાલો ઝાહિર થઈ જાય તો તે ખુદાતઆલા અપનો ખાલિક રહેજ ના. ખાલિક અને મખ્લૂકના વિચ્ચેનો પરદો ઉઠી જાય. ખાલિક તે જ વખત ખાલિક કહેવાય કે, તેને પરામવા વાસ્તે મખ્લૂક લાચાર, આજિઝ અને થાકી ગઈ હોય. ખાલિકની શિકલ, જગા, વક્ત, તેની મખ્લૂક પર ઝાહિર થઈ જાય તો મખ્લૂક તેના ખાલિક જીમ બનવાની પૂરી કોશિશ કરે. જે થાવું નામુમ્કિન છે. સૈ. મોહંમદ બિન તાહિર અલ-હારિસી (રિ.અ.) આપની અકલે અવ્વલ-બાવીસાની દોઆમાં આ જ મુજબ બયાન કરેચ. આ સાથે અપના ૧૦૦ ઈસ્માઈલી-તૈયેબી અકીદાઓમાં ૨૦ કરતા ઝિયાદહ અકીદા ખુદાતઆલા અને તેની તૌહીદના મુતઅલ્લિક છે.

એક કાફિર શખ્સ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની ખિદમતમાં હાઝિર થયો અને અરઝ કીદી કે, અય અલી! ખુદા કાં છે? આપ મૌલાને ફરમાવું કે, તેલ લાવવામાં આવે. ખાદિમો તેલ લાવા અને જે વક્ત રાત થઈ તો આપે ફરમાવું કે, આ તેલને આતિશ આપીને રોશન કરવામાં આવે. તમામ આસપાસ આવીને ઊભા થઈ ગયા. જે વક્ત આતિશ રોશન થઈ અને પૂરી જગામાં રોશની ફેલઈ ગઈ, તો આપે હાઝેરીનને મુખાતિબ થઈને કહ્યું કે, હવે તમેં બતાવો કે, નૂર કાં છે? તે ગિરોહ માંથી પિલો કાફિર બોલો કે, હર જગા પર છે. આપે ફરમાવું કે, અય ભાઈ! નૂર તો ખુદાતઆલાની મખ્લૂકાત માંસી એક મખ્લૂક છે અને તું તે નથી કહી સકતો કે તે કાં છે? ને કહે છે કે, જે જગા રોશન છે, નૂર તાં જ છે. તો ખુદા પન તે હર જગામાં છે જે જગા તેં રોશન કીદીચ. લેહાઝા, નૂરમાં કોઈ જગા નથી પન હર જગામાં નૂર છે. ખુદામાં કોઈ જગા નથી પન હર જગામાં ખુદા છે. ✫

**થોડી ઈબાદત, મગર ખુદાના ખૌફ સાથે ઘણી છે.**

## ઊંટ છે, હાથી નથી

અલ્લાહતઆલા સૂરતુલ ગાશેયહમાં ઊંટની તખ્લીક, તેની કામ કરવાની કેફીયત, તેની તબીઅત, તેની ખાસીયત વાસ્તે ફરમાવે છે કે, **"શું તેઓ નઝર કરતા નથી એબેલ-ઊંટની તરફ કે તેને કઈ તરહ પૈદા કરવામાં આવો છે?"** યાઅની કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અરબ લોગોને દરમિયાન મબ્ઊસ થયા અને તે લોગોની રોઝમર્રાની ઝિંદગીમાં ખાવા-પીવામાં, અવર-જવરમાં, કામકાજમાં, સફરમાં, સમાજી રસમોમાં ઊંટની જે મુજબ એહમીયત છે, તે શાયદ જ કોઈ બીજા જાનવરની હશે. તેઓ ઊંટને ઘરનો એક મેમ્બર અને સુખ-દુઃખનો સાથી સમઝે છે. એવી ઝમીનમાં આપ સાહેબ નબી બનીને પધારે તો અલ્લાહતઆલા તે અરબ કૌમને તન્બીહ કરે છે કે, ઊંટ જેવી ફાયદામંદ ચીઝને તમે જાનથી પણ પ્યારી સમઝો છો. તમેં તેને હઝારો નામથી બોલાવો છો તો નબી તો તેના કરતા ઝિયાદહ હક્કદાર છે કે, તમેં તેમને ઈખ્તિયાર કરો અને તમેં પોતાના માનો. નબી તો તમને આખેરત આપશે, તો દુનિયાની ઝિક્ર કરતા તમેં નબી સાહેબની વાતને કુબૂલ કરીને આખેરતની ઝિક્ર કરો, કેમકે દુનિયા પર સવાર થાનાર લોગો વાસ્તે આખેરતમાં કોઈ સવારી નથી.

પહેલા ઈમામ મૌલાના હસન અલ મુજતબા (અ.સ.) થી કોઈએ પૂછું કે, અય ફરઝંદે રસૂલ (અ.સ.)! અલ્લાહતઆલા કુરઆને હકીમમાં ઊંટની અજીબો ગરીબ પૈદાઈશની ઝિક્ર કરે છે અને તેમાં ગૌર-ફિકર કરવાનું પણ કહે છે. **તો અલ્લાહે ઊંટની જગા પર હાથીનું બયાન કેમ નથી કીધું?** હાથી તો ઊંટ કરતા પણ અજીબ જાનવર છે. તેના જિસ્મની હર ચીઝ, નાક, પેટ, કાન, પગ વગૈરહ તઅજ્જુબમાં નાંખી દે છે.

આપે ફરમાવું કે, ફિકરમંદ લોગો વાસ્તે આ નિશાની છે કે, જે ઝમીનમાં નબી પધારે તો અલ્લાહ તેમાં રહેતા લોગોને ઈર્દ-ગિર્દની ચીઝોની મિસાલ લઈને કિસ્સા અને હિકમત બયાન કરે. એવી ચીઝોની બયાની કરે કે, તે ઝમીનમાં તેનું મિલવું અને જોવું આસાન હોય તાકે તેના સબબ લોગોના ઝહેનમાં વાત સહેલાયથી ઉતરી શકે. હાથી અરબસ્તાનનું જાનવર નથી અને તેને જોવો આમ લોગો વાસ્તે મુશ્કિલ છે. તેની મિસાલ સુવર જેવી છે, કે જેનો ન ગોશ્ત જમવામાં આવે છે, ન તેનું દૂધ ઈસ્તેમાલમાં લઈ શકાય છે. ફક્ત એ કે તે સવારી વાસ્તે વપરાય છે. ઊંટનું જમન ખૂબ જ ઓછું હોય છે, તે ખજૂરી, તેના થલીયા, તેના પત્તાં, રણનું ઘાંસ અને દરખ્તના પત્તા જમે છે અને ખૂબ ઝિયાદહ મિકદારમાં દૂધ આવે છે. ઊંટની હર ચીઝથી ફાયદો જ ફાયદો મિલે છે.

ઝિયાદહતર હયવાનોંમાં જે ખૂબીઓ જોવામાં આવે છે તે તમામ ઊંટમાં મજમૂઈ તૌરથી મિલી આવે છે. તેને સાચવવા પાછલ મહેનત ઓછી લાગે છે અને તે કોઈ પણ હાલતમાં રહી શકે છે. ઊંટણીનું દૂધ અને ગોશ્ત એટલી મિકદારમાં નિકલે છે કે, તે ઘણા બધા લોગોને કિફાયત કરે છે. તે તેના સવારથી વફાદારી કરે છે. તેને રણની કિશ્તી (સફીનતુસ્સહેરા) કહે છે, તેના ઉપર સવારી કરતા કરતા જો લંબા ફાસલા પર કોઈ નિકલી જાય તો પણ તે થાકતો નથી અને તેને પાની કે ચારાની હાજત પૈશ આવતી નથી. આ ચીઝ બીજા જાનવર સાથે મુમ્કિન નથી અને જો તેને થોડું ઘાંસ આપવામાં આવે તો માઈલો તક ચાલી શકે છે. દસ-દસ દિનોં તક તે પ્યાસો રહી શકે છે યહાઁ તક કે, તે પોતાના સવારને તેની મંઝિલ તક પહોંચાવી દે છે. કોઈ નાનો દીકરો પણ તેની લુગામ-નકીલ ખેંચીને તેને લઈ જાય તો તે ખુશી-ખુશી બિલા કોઈ ઝિદ ચાલો જાય છે. અય શખ્સ! આખિરમાં એ કે તેને બેસાડીને તેની પીઠ પર સામાન મુકવામાં આવે તો તે સામાન સાથે પોતાના આગલા બે પગોની તાકતથી ઊઠી જાય છે.

મુમેનીન! ઊંટની મિસાલ પર મુમેનીનની સીરત હોવી જોઈએ. તાકત, તાઝગી, ઈતાઅત, હલકાશ, બરદાશ્તગી, સબર, ચાલ-ઢાલ, સાદગી, ખિદમત, વફાદારી, ખયાલ, ઓછી રાહતમાં ઝિયાદહ કોશિશ, ઓછા જમનમાં હાલાતથી રઝામંદી વગૈરહ જો એક ઈમાનદારમાં હોય તો તે સખ્તમાં સખ્ત ઈમ્તેહાનમાં પણ કામિયાબ થઈ શકે છે. **ઝિંદગી એવી ગુઝારવી જોઈએ કે, ઝિંદગી પૂરી થયા બાદ ઝિંદગી ગુઝારનાર લોગો હમારી ઝિંદગીને યાદ કરીને પોતાની ઝિંદગી ગુઝારે.** અલ્લાહતઆલા હમને જમલ-ઊંટથી ઈબરત લેનારા કરે અને તેના સબબ હમારી ઝિંદગીને જમાલ-ખૂબસૂરતીથી ભરી દે. ✯

**થોડી રોઝી, મગર કેનાઅત અને સુકૂને દિલ સાથે ઘણી છે.**

## ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ
### ઈમામત કિસ્ત-૧૬

સરદારની સરદારી હોય તો જ જે ચીઝ પર તે સરદારી કરતા હોય તેમાં અદબ, ચોખ્ખાઈ, મઝબૂતી અને સિસ્ટમ હોય. દુનિયાની રચના દીન પર છે અને દીનની રચના અલ્લાહની વહદાનીયત પર છે. વહદાનીયતનો મફહૂમ એક, એકલો અને એકોકારી પર છે. સરદાર એક હોય તો સરદારી કામિયાબ કહેવાય અને જો તેમાં દખલઅંદાઝી થાય તો સરદારી કમ્ઝોર થઈ જાય. દીન-દુનિયાની સરદારી તે ઈમામના હાથમાં હોય છે જે સરદારે આલી, સરકારે જલાલી, સુલતાને કમાલી ખુદાતઆલા તરફથી મુકર્રરશુદા હોય.

દુનિયાની તમામ ઝમીનોમાં સરદારી, રઈસી અને હુકમરાની હોય તો શું દીન, રૂહાની એકોકારી અને મઝહબી સરદારીથી ખાલી હોય? ઈમામ બગૈર દીન મુમ્કિન નથી અને દીન બગૈર દુનિયા મુમ્કિન નથી. ઈમામ પોતાની ઝાતમાં હર ચીઝને ઘેરી લે છે, સમાવી લે છે. ઈમામનો વુજૂદ દુનિયામાં સૂરજના વુજૂદ જેમ છે. જેમ હર ચીઝને સૂરજની હરારત-ગરમીની ઝરૂરત પડે છે તેમ હર ચીઝ જાનદાર કે ગૈરજાનદાર ઈમામે હક્ક તરફ રૂજૂઅ થાય છે. **સૂરજથી દુનિયાની ઝિંદગી છે તો ઈમામથી આ કાએનાતનો કિયામ છે.**

ઈમામે હક્કની રૂહાની સરદારી પર અકીદો રાખનારને હકીકી અલવી મુમિને દીનદાર કહેવાય છે. ઈમામની પૈરવી અને ફરમાંબરદારીના સબબ દીન તે શખ્સની હિફાઝત કરે છે. એક મરતબા મદીનામાં રસૂલુલલાહ બાવાજી (સ.અ.વ.વ.) ઘોડા પરથી પડી ગયા અને આપના જમણા પગ પર ઘણો ગહેરો સદમો લાગો, ઝખમના સબબ આપ પગ પકડીને બેસી ગયા. અસહાબ દોડીને આપની મદદ પર આવા અને આપને એક દીવારના સહારે બેસાડી દીધા. આપને પગમાં વરમ-સોઝો આવી ગયો હતો. જે વક્ત નમાઝનો વક્ત કરીબ થયો તો આપે ઉઠવાની કોશિશ કીધી, તાકે આપ અસહાબને નમાઝ પઢાવે. દર્દની શિદ્દતથી આપ ઉઠી ન શકા પણ આપ આહિસ્તાથી મસલ્લા પર આવીને બેસી ગયા.

જેટલા અસહાબ હતા તે આપના પાછલ ઊભા થઈ ગયા. આપે ઈરશાદ કીધો કે, તમેં સઘલા ઊભા ન રહો, બેસી જાવ. ફરમાને નબવીથી તમામ બેસી ગયા. આપે નમાઝ બેસીને જ પઢાવી. અસહાબે પણ એ જ તરીકા પર નમાઝ પઢી. જે વક્ત આપ નમાઝથી ફારિગ થયા તો ફરમાવું કે, "નમાઝની ઈઝ્ઝત તે જ વક્ત સચવાય કે તેના કોઈ પૈશ ઈમામ હોય. નમાઝીઓ આગલ-પાછલ ન થાય તેથી ઈમામ તેમને નમાઝના અરકાનમાં બાંધીને રાખે છે. ઈમામ પાછલ નમાઝ પઢનારાઓ યાઅની મામૂમીન પોતાની નમાઝના હર અમલને પોતાના ઈમામના અમલ સાથે જોડી દે. કાફલા સાલાર જે વક્ત કાફલો લઈને નિકલે છે તો તેમાં શામિલ હર કોઈની નિગાહ પોતાના સાલાર પર હોય છે. જો કોઈ ઝરા આમતેમ થયો કે તે કાફલાથી વિખૂટો પડી જાય છે. **અય મારી કૌમ! હમણા જેમ હું તમારો ઈમામ છું અને મેં નમાઝ બેસીને પઢી તો તમારા પર વાજિબ છે કે તમેં નમાઝ બેસીને પઢો.**"

આપના આ ફરમાનથી એ વાત તરફ ઈશારો છે કે, જે વક્ત દુશ્મનો તમારી જાનના પ્યાસા હોય અને તમારા ઈમામ તમને દીન બાબત તકીયો કરવાનું કહે અને તમારા અકીદાઓને છુપાવવાનું કહે તો તમેં પણ તકીયાને ઈખ્તિયાર કરજો. કોઈ પણ અમર કે અમલને લોગોમાં ઝાહિર ન કરજો. પણ ત્રણ ચીઝમાં તકીયો નથી : ૧) નમાઝમાં ઝાહિરી તૌરથી સૂરતની કિરાત પઢતા પહેલા બિસ્મિલ્લાહ બોલવામાં ૨) શરાબને ન પીવામાં અને ૩) વુઝૂમાં મોઝા પર પગની મસહ ન કરવામાં. ✩

(પેજ નં. ૧ નું બાકી)
હલાલ વેપાર, ઘરેલું-સમાજી રિશ્તેદારીમાં ઈખ્લાસ, ઝિંદગીના હર ગોશામાં તહારત, દાઈએ હક્ક પાસેથી ઈલ્મ હાસિલ કરવાની કોશિશ અને આખિરમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના બયઅતો મીસાકની પાબંદી હમને "અલીલાઈન" પર ચાલવા વાસ્તે કાફી છે. હર પલ જો આ ગૈબી રૂહાની કનેકશન હમારા સાથે છે તો દુનિયાના બીજા કોઈ કનેકશન કે લાઈન, હોય કે ન હોય, તેની હમને પરવાહ નથી. ✩

**નાનું મકાન, મગર તેમાં રહેવાવાલાની મોહબ્બતથી ઘણું મોટું છે.**

(પેજ નં. ૩ નું બાકી) **મુલ્કે અઝીમ......**

ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને મીસાકો અહદ આપનારને કુબૂલ કરવું પણ દાઈના હાથમાં છે તેમ મીસાકના તોડનારને ખારિજ કરવું પણ દાઈના જ હાથમાં છે. **જેમ કોઈ ગુનાહગાર મુજરિમ કોઈ ઠીકાના બગૈર ભટકતો રહે છે તેમ આ મુલ્કે અઝીમ માંથી ખારિજ થયેલો કાફિર ચારે બાઝૂ ભટકતો રહે છે.** પોતે તો જાય છે પણ પોતાની ઔલાદ અને ઘરબારને પણ ખાડામાં નાંખી દે છે. મુમેનીન વાસ્તે શીખામણ અને તન્બીહ છે કે, હમારા બે અલીના આ મુલ્કે અઝીમને મુકીને જે કોઈ કમબખ્ત, કમ ઝર્ફ અને કમનસીબ બીજાના મુલ્કમાં જાવાની હિંમત કરે છે અને ગુમ્રાહી તરફ વલે છે તો તેની એવી હાલત થાય છે કે, તે તેના માઁ-બાપની જમાઅત માંથી પસ્ત, ઝલીલ અને ખ્વાર થઈને તો નિકલો હોય છે પણ જે વક્ત તે જોશમાં ને જોશમાં, પોતાની બદઝહેની પર એતેમાદ કરીને બીજા મુલ્કમાં કઈ ઔર હાસિલ કરવાની લાલચમાં ગયો હોય છે તો ત્યાંના લોગો પણ તેને કુબૂલ કરતા નથી. તે એમ કે જે શખ્સ પોતાના મુલ્કનો ન થયો તે હમારા મુલ્કનો ક્યાંથી થાશે. જેને એ ખબર નથી કે, પોતાના ઘરના કૂવામાં જ મધ જેવું મીઠું પાની છે, તે પડોશીના કૂવામાં ઝાંકવા ચાલો ગયો અને ઊંધા માથે તેમાં પટકાયો. વાહ રે કિસ્મત! જે હક્કથી ભટકો તે ઝિંદગી ભર ભટકા જ કરશે.

રજબુલ મુરજ્જબ આ મુલ્કે અઝીમની એક ઠંડી વાડી છે, જેમાં ઈબાદતો અને મોઅજિઝાતના ખઝાના પડેલા છે. આ જ વાડીની એક મુબારક જગામાં આ મુલ્કના માલિક મૌ. અલીની પૈદાઈશ થઈ. આ મુલ્ક પર નબી સાહેબની રહેમતનો સાયો છે કે જેની મેઅરાજના વાદલોથી વાડીમાં તરો તાઝગી છે અને મહેક છે. આ વાડીની નેઅમતોને લુંટવા અને તેની બરકતોંથી દામનોને ભરવા હમ મુમેનીન આ મહીનાના તીસે અય્યામ ઈબાદત અને રિયાઝતમાં ગુઝારીએ છીએ. અલ્લાહતઆલાની બારગાહમાં હમેં શુક્રના સજદાત બજા લાવીએ છીએ કે, તેએ હમારૂં સરનામું અને મઝમૂન આ મુલ્કે અઝીમની પાકો સાફ જગાઓ માંથી કોઈ એક જગાને બનાવું. જે જગાઓ માંથી માલિકે મુલ્કનું નૂર ઝલકે છે અને આ નૂરની માઅરેફત હમને મૌ. અલીના દાઈએ હક્ક હર વક્ત કરાવા કરે છે અને કરાવતા રહેશે. ઈન્નકા અલા કુલ્લે શયઈન કદીર. ✯

## જહન્નમની નિદા

પાઁચમાં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, કેયામતનો દિન આવશે તે દિવસે જહન્નમને કહેવામાં આવશે કે, તું ઠંડી થઈ જા. યહાઁથી હમારા શીઆ ખોલસાનો ગુઝર થાનાર છે, તાકે તારી આગની તપિશ અને ગરમીનો અઝાબ તે હમારા મુખ્લિસો અને મોહિબ્બોને મહેસૂસ ન થાય અને તેઓને તારાથી કોઈ ખૌફ પૈદા ન થાય. તે વક્ત જહન્નમ પુકારશે કે, **" અય બલંદ દરજા શીઆ! તમેં જલ્દી ગુઝરી જાવ. "** ખુદાતઆલાનો શુક્ર અને હમ્દ છે કે, તમેં સઘલા નબીઓના ફખરો ઈઝ્ઝત મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) અને અલીયુલ મુરતઝા (અ.સ.) ની ઉમ્મતે સાદેકહ માંથી છો, શીઆ જન્નતી છો, પંજતની નૂરાની છો.

તમેં સઘલા કેમ ખૂશી મહેસૂસ કરતા નથી કે, તમેં જે તૌરો તરઝ પર નમાઝ અદા કરો છો અને બીજી કૌમો નમાઝ પઢે છે, તો તમારી જ નમાઝ કુબૂલ થાય છે અને બીજાની નમાઝ ઝાયેઅ થાય છે. તમેં જે મુજબ રોઝા રાખો છો અને બીજાઓ રોઝા રાખે છે તો ફક્ત તમારા જ રોઝા કાબિલે કુબૂલ થાય છે અને બીજાનો અમલ ફક્ત ભૂખ-પ્યાસ હોય છે. તમેં જે અકીદા પર હજ્જ પઢો છો તો તમારી જ હજ્જ બારગાહે રબ્બાનીમાં કુબૂલ થાય છે, બીજાઓના આ મુજબના અમલ રદ થઈ જાય છે. ખુદાના કસમ હમારી મોહબ્બત અને વલાયતના સબબ તમારા સઘલા આઅમાલ નમાઝ, રોઝા, તહારત, હજ્જ, જેહાદ અને ઝકાતના આઅમાલ અને તેની સુન્નતો પર **ખુદાતઆલા રઝામંદીનો સિક્કો મારે છે.** નહીં તો આ બધી જ ચીઝો સિક્કએ ખુસરાન મુજબ રદ્દી થઈ જાય છે. ✯

**નાનું લશ્કર, મગર હક્ક પર હોય તો તે અઝીમ તાકત છે.**

**થોડા કલામ, મગર હિકમતથી ભરેલા હોય તો ઘણા છે.**

## મુલાહેઝહ : મિશ્કાતુલ હાદીનું લવાઝમ

હુઝૂરે આલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ આપના અઝીઝ અખ્બારનું **૧૪મું સાલ** ચાલી રહ્યું છે. મુમેનીન-મુમેનાત હર તબકાના લોગો બચ્ચાં-જવાનો-બુઝુર્ગો આ ઈલ્મી પાકીઝા નહેરના પાનીથી હર તરહનો ફાયદો લઈ પોતાની તિશ્નગી બુઝાવી રહ્યા છે.

આ અખ્બારના સાલાના લવાઝમ, **હવે દાઅવતે શરીફહની શહરૂલ્લાહની વાજેબાત અને હુકૂકના સાથે મુમેનીનને દેવડી મુબારક પર જ અદા કરવાનું રહેશે.** પાછલા સાલો મુજબ લવાઝમનો **રૂા. ૧૦૦/- હદીયો** તેયશુદા છે. **મુમેનીનને મુલાહેઝા થાય કે, શહરૂલ્લાહ યા બીજા કોઇ વક્ત પર દેવડી મુબારક પર વાજેબાતને અદા કરવા આવે તો મિશ્કાતુલ હાદી નું લવાઝમ સાથે અદા કરી લે.** દાઈએ હક્કની તાઈદાતથી અને મુમેનીનના તઆવુનથી અલ્લાહતઆલા આ કારવાને મિશ્કાતુલ હાદી જારી-સારી રાખે અને તેના ઈલ્મી-અમલી ફૈઝથી મુમેનીનની રાહ હમ્વાર થાય. આમીન. ✯

## " હું તેની જઝા આપીશ "

અલ્લાહતઆલાએ પોતાનો પૈગામ અને પયામ લોગો તક પહોંચાડવા બેશુમાર અંબિયાને આ જહાનમાં મોકલા. ઈબાદતોના તરહ-તરહના તરીકાથી આ અંબિયાએ દીનને મઝબૂતી બખ્શી. મુખ્તલિફ વક્તમાં મુખ્તલિફ ફરમાનો લઈને આ અંબિયા પધારા. દીનો દુનિયાને લગતા આ ફરમાનોને લોગોની તેને ઉચકવાની અને બરદાશ્ત કરવાની હદના મુતાબિક રાઈજ કરતા રહ્યા. તેમાં થોડા સખ્ત હતા અને થોડા સહેલા છે. થોડા ફરઝ માંથી હતા, થોડા સુન્નત માંથી હતા અને થોડા તતવ્વુઅ યા નાફેલત માંથી હતા. જેની જેવી કુદરત તેમ આ ફરમાનોને લોગો તસ્લીમ કરતા રહ્યા.

શરીઅત એટલી તંગ નથી કે લોગો પર તે બોઝ બની જાય અને લોગો અમલ કરવાનું મુકી દે. પણ શરીઅતના સહારે તો લોગો પોતાના ગુંચવાયેલા કામોને સુધારી લે છે. કોઈ ઉઝર યા તકલીફ હોય તો પણ શરીઅત તેને કોઈનો કોઈ રસ્તો કાઢી આપે છે. નાફેલતના આઅમાલ સુન્નતોને કામિલ અને પાકી કરે છે અને સુન્નતના આઅમાલ ફરઝોને પાકા કરે છે. **ફરઝમાં કોઈ કમી, ખામી, કુસૂર કે ભુલ રહી જાય તો સુન્નત કિફાયત કરે છે અને જો સુન્નતમાં કોઈ કોતાહી રહી જાય તો નાફેલત કિફાયત કરે છે.**

અલ્લાહતઆલાએ બાર મહીનાઓ માંથી ત્રણ મહીનાને ત્રણ તરહની ઈબાદતોના ખઝાના બનાવેલા છે. રજબુલ મુરજ્જબનો મહીનો નાફેલતની ઈબાદતનો ખઝાનો છે, શાઅબાનુલ કરીમનો મહીનો સુન્નતની ઈબાદતનો અને રમઝાનુલ મુઅઝઝમનો મહીનો ફરઝની ઈબાદતનો ખઝાનો અને સરચશ્મો છે. રજબના મુબારક અય્યામ નાફેલતના રોઝાથી મશ્હૂરો માઅરૂફ છે અને જે કોઈ મુમિન આ રોઝા એક સાલથી લઈને દસ સાલ તક કરે, તેની ફઝીલત અને અજરો જઝાના ખાસ બયાનો આવેલા છે.

હદીસે કુદસીમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) કલામે ખુદાવંદે આલમ ફરમાવે છે કે, **"કુલ્લો અમલિબ્ને આદમ લહૂ ઈલ્લસ સૌમો ફઈન્નહૂ લી વઅના અજઝી બેહી"**, યાઅની કે, હર એક આદમી જે નૈક અમલ કરે છે તે પોતાની ઝાત વાસ્તે છે. મગર સૌમ-રોઝું તે મારા વાસ્તે છે અને તેનો અજરો સવાબ કોઈ ફરિશ્તાના ઝરીએ નહીં પણ હું ખુદ મારા દસ્તે કુદરતથી આપીશ.

તો એક ચીઝ રોશન એ થઈ કે, ઈન્સાનના જે અમલે સાલેહ વાસ્તે તેના સવાબની મિકદાર અને કોના ઝરીએ તે મિલશે તે મુકર્રર છે. પણ રોઝાના સવાબનો ઈખ્તિયાર અલ્લાહતઆલાએ પોતાના હાથમાં રાખેલો છે. કોઈ બીજું તેમાં શરીક નથી. બંદો આ મખ્સૂસ અમલ કરે છે તે પોતાના રબ વાસ્તે જ છે. આ હદીસે કુદસીમાં જે લફઝ "અજઝી" છે તેને જો "ઉજઝા" પઢવામાં આવે તો તેની માઅના એ થાય છે કે, જે શખ્સ આ રોઝાના અમલને લઈ ઉઠશે તો હું ખુદ તેના વાસ્તે જઝા બની જઈશ યાઅની કે રોઝાના ઝરીએ તે મને પરામી લેશે.

અલ્લાહતઆલાએ મુમેનીનને રજબ મહીનાના ૩૦ અય્યામના નાફેલતના રોઝાનો ખઝાનો ફરાહમ કીધેલો છે. કેટલો કેટલો સવાબ કે જેનો કોઈ અંદાઝો ન લગાવી શકે. જે અમલની જઝાની ઝમાનત અને બશારત ઈખ્તિયારે રબ્બે બારીના હાથમાં હોય તો તે અમલની શાનો કરામતનું શું પૂછવું? અલ્લાહતઆલા મુમેનીનના રજબુલ મુરજ્જબના આઅમાલને પોતાની બારગાહમાં દાઈયુલ્લાહિલ અમીનની દોઆઓના સબબ કુબૂલ ફરમાવે. આમીન. ✯

**થોડું ઈલ્મ, મગર ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની માઅરેફત સાથે ઘણું છે.**

# ઓનલાઈન – Online

Online-ઓનલાઈનનો લફ્ઝ આજના સ્માર્ટ-ફોન અને ઈન્ટરનેટના વક્ત અને માહૌલમાં ખૂબ આમ થઈ ગયો છે. ઈન્ટરનેટને ઈસ્તેમાલ કરનાર હર કોઈ આ Online લફ્ઝને બોલે છે અને ઓલખે છે. થોડા વક્ત પહેલા રાઉન્ડ-ડાયલના ફોન હતા જે વાયર સાથેના હતા અને જો કોઈને ગુજરાતને બાહર ફોન કરવા હોય તો કોલને પહેલા બુક કરાવવો પડતો હતો અને પછી એક્ષચેન્જ વાલા લાઈન આપે તો વાત કરી શકાતી હતી. યાઅની કે, લાઈન ફ્રી થાય તો કોલ કરાતો હતો. કોઈ ફોન પર વાત કરતું હોય અને સામેથી આવાઝ આવતો બંધ થઈ જાય તો કહેવાતું હતું કે, લાઈન કટ થઈ ગઈ. ફોન લગાવવામાં વધારે વક્ત થઈ જાય તો કહેવાતું કે, લાઈન બીઝી છે.

જે વક્તથી ઈન્સાને લખવાનું કે પત્થરોંથી સાધનો બનાવવાનું શુરૂ કીધું છે તે વક્તથી તેનો રિશ્તો “લાઈન” સાથે થઈ ગયો છે. કોઈ લાઈન સડક પર છે, કોઈ લાઈન કપડા પર છે, કોઈ લાઈન બુકમાં છે, કોઈ લાઈન થાંભલા પર છે, કોઈ લાઈન ટ્રેનમાં છે, કોઈ લાઈન છુપેલી છે તો કોઈ ખુલ્લી છે, કોઈ દેખાય છે તો કોઈ ગાઈબ છે. મગર સ્માર્ટફોનના ઝરીએ જેમ ઈન્ટરનેટનો ઈસ્તેમાલ હાલમાં લોગો કરી રહ્યા છે, તેમ ઈન્ટરનેટ લાઈન જે પહેલા વાયરના ઝરીએ આવતી હતી તે લાઈનનો મફહૂમ પણ બદલાતો જાય છે. **લાઈનમાં પણ “ઓન” અને “ઓફ” આવી ગયું છે.** એટલે કે ઓનલાઈન અને ઓફલાઈન. કોઈ પણ નુમાઈશ, ઝાહેરાત યા એડવરટીઝમેન્ટ ખાલી નથી, જેમાં એપ, વેબસાઈટ, ઈમેલ યા ઓનલાઈન ફેસીલીટીની ઝિક્ર ન હોય. ઓનલાઈન બેન્કીંગ, ઓનલાઈન શોપીંગ, ઓનલાઈન બિલીંગ, ઓનલાઈન રેલવે બુકીંગ, ઓનલાઈન હોટેલ બુકીંગ, ઓનલાઈન કેટરીંગ, ઓનલાઈન ડોકટર, ઓનલાઈન ફારમસી, ઓનલાઈન ટયુશન કલાસીસ, ઓનલાઈન સ્કૂલીંગ, ઓનલાઈન કાઉન્સેલીંગ વગૈરહ. એક યાદ રાખવા જઈએ તો બીજું ભુલી જઈએ. આ લિસ્ટ ઘણું જ લાંબું છે અને રોઝ-બ-રોઝ નવી-નવી ચીઝો ઉમેરાતી જાય છે.

હવે હમેં હમારા દીન, મઝહબ, ઈલ્મ, આઅમાલ, અકીદા, ફિકરો ખયાલ, ઝાતી મુઆમેલાત, વેપાર-રોઝગાર, સેહત-સુકૂન, ભલાઈ-બહેબૂદી, ખિદમત-ખૈરખ્વાહી તરફ નઝર કરીએ તો હમેં કહી શકીએ કે, હમેં હમારા ખાલિક સાથે ઓનલાઈન છીએ કે ઓફલાઈન છીએ. ઈમામુઝઝમાન (અ.સ.), જે આ રૂહાની અને ઈલાહી કંપનીના માલિક છે, શું તેમના ઝરીએ અલ્લાહતઆલા અને નબી-વસીનું હિદાયતનું હમારૂં કનેકશન કે કનેકટીવીટી બરકરાર છે, બરાબર છે કે **જેથી ઈમાનની હમારી લાઈન હમેશા “ઓન” રહે.** કંપનીના કાનૂન અને પ્લાન મુજબ તેની ઓફીસના સુપરવાઈઝર કે ઓફીસર તમામ તફતીશો તલાશ અને ઈન્કવાયરી કીધા બાદ જ અરઝદારને કનેકશન આપતા હોય છે. તો શું ઈમાની તૈયેબી રૂહાની કંપની યાઅની દીને હક્કના નિગેહબાન દાઈયુઝઝમાને હમને એવા લાઈક સમઝા છે કે, હમેં કંપનીના કાયદા-કાનૂનને માતહત આ રૂહાની કનેકશનનો બરાબર ઈસ્તેમાલ કરીશું?

અલ્લાહતઆલા તરફ રૂજૂઅ થાવાની, હમારા અસલ તરફ જાવાની, આખેરતને પરામવાની આ એવી કાઈમી લાઈન છે કે, જે હમને ચુનંદહ મુમેનીનને હાસિલ થઈ છે. ખુદાના દાઈ હમને હર વક્ત હમારા ખુદાવંદે તઆલાને ખુશ કરવા ઈમાની લાઈન પર કાઈમ રહેવાની હિદાયત કરે છે. ઓનલાઈન હોવાથી હમેં જહાનના બીજા લોગો સાથે તઅલ્લુકમાં રહીએ છીએ. તો ઈમાન ફક્તને ફક્ત મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની મોહબ્બતથી છે. મૌલા અલી અને આપની આલે તૈયેબની સોહબત સાથે જો હમેં ઈમાનની પુખ્તા લાઈન પર સાબિત રહીએ તો હમેં ખુદને કહી શકીએ કે, **“ઓનલાઈન” તો દુનિયાના લોગો સાથે રિશ્તો કરાવે છે પણ હમારી “અલીલાઈન” તો હમને જન્નતના તમામ સાહેબો સાથે હમારો રિશ્તો કરી આપશે.**

ઝરૂરત મુજબ વુઝૂ, ફરઝ થયેલા ગુસ્લોં, વક્તસર નમાઝ અને દોઆ, અલલ વક્ત હુકૂક-વાજેબાત-સદકાતની અદાયેગી, આઁખ-કાન-ઝબાન પર કાબૂ, ખૈર ખયાલ અને ખૈર અમલની પાબંદી, હર હાલતમાં સબરો શુક્ર, વાજિબ ખિદમતો,

(બકીયાહ પેજ નં. ૨ પર)

**થોડો માલ, મગર હલાલના ઝરીએથી હોય તો ઘણો છે.**

## શું ચીઝ શું લાવે છે

હિકમતના સાહેબો બયાન કરે છે કે, નૈકી ઈન્સાન વાસ્તે તરક્કીને તેના તરફ ખેંચે છે અને બદી તેના કરનાર તરફ હલાકી અને બરબાદીને ખેંચે છે. નૈકી કરનાર, બદ લોગોની સોહબત પસંદ કરતા નથી અને બદી કરનાર, નૈક લોગોને જોઈને આમતેમ થઈ જાય છે. હક્કના નૂરથી મુનવ્વર નૈક લોગોના સામે બદ લોગોની શયતાનીયતની ચિંગારીની કોઈ એહમીયત હોતી નથી. આ નૂરે મુબારક નૈક લોગોમાં એવી નૈક ખસલતોં અને પાક આદતો પૈદા કરે છે જેના સબબ બીજી ખૈર ચીઝોને તે શખ્સના તરફ ખેંચે છે.

નૈક લોગો માંથી અગર કોઈ શખ્સમાં આ પાઁચ ચીઝો હોય તો તે બીજી પાઁચ ચીઝોને વુજૂદમાં લાવે છે. **૧) ઈસ્તિગફાર ૨) નીચી નઝર ૩) શરમ ૪) સખાવત અને ૫) નરમ કલામી.** ૧) જે શખ્સ ઈસ્તિગફાર કરશે યાઅની પોતાના ગુનાહો, ખતાઓ, કોતાહીઓ અને ઝુનૂબ વાસ્તે ખુદાતઆલાની બારગાહમાં મગફેરત, તૌબા અને મુઆફી તલબ કરશે તો ખુદા તેની રોઝી, રિઝક અને દૌલતમાં વધારો, કુશાદગી અને તરક્કી ઈનાયત કરશે. ૨) નીચી નઝર રાખનાર શખ્સનું ઝહેન અને ફિકર કરવાનો અંદાઝ પાકો સાફ હોય છે. ગૈર અને શહેવતભરી ચીઝોના તસવ્વુરાતથી તે આઝાદ હોય છે. તેની ઝાહેદાના નઝર તેની અક્લને હુશિયારીનો લિબાસ પહેરાવી દે છે. સહી અને જાઈઝ નિગાહ તેને બિન-ઝરૂરી અને વક્ત ઝાયેઅ કરનાર સોચથી રોકી લે છે. ૩) હરએકમાં શરમ તો હોય જ છે પણ ખરાબ આદત અને શયતાની સોહબત શરમનું કત્લ કરી દે છે. શરમ ઈન્સાનના જિસ્મના હર તે આઅઝામાં હોય છે કે જેના પર શરીઅતના અરકાન વાજિબ કરવામાં આવા છે. શરમ ઈમાનનો એક હિસ્સો છે અને ઈમાન દિલથી તઅલ્લુક રાખે છે. **શરમની ઝમીનવાલો ખૈરની ખેતી કરે છે.** ૪) સખાવતથી હમદર્દી પૈદા થાય છે. હમદર્દ શખ્સ બીજાની હાજિતો તરફ નઝર કરે છે. તેના પાસે ખુદાતઆલાએ ઈનાયત કીધેલી જે ચીઝ હોય છે તે બીજાને કઈ તરહ ફાયદો આપશે તેની તદબીર કરે છે. સખી શખ્સની ખુદા તંગદસ્તી દૂર કરે છે. મોહતાજગીનો સવાલ રહેતો નથી. ૫) ઝબાન પર ઈઝઝતો એહતેરામનું જહાન છે. ઈન્સાનની ઝબાન, જે ચીઝ વાસ્તે બોલવું જોઈએ તેના બજાય જેના વાસ્તે ન બોલવું જોઈએ તે ઝિયાદહ બોલે છે. અહલે હક્કની શનાખ્ત જ એ છે કે, નરમ કલામી અને શીરીં બયાનીથી કામ લે. તુંદ અને કડવા કલામ પત્થર જેવા છે કે, જે દર્દ અને ડર પૈદા કરે પણ નરમ કલામ ફૂલ જેવા છે કે જેની નુગહત, રંગ અને તાઝગી સાંભલનારના દિલમાં કશિશ અને ઉલફત પૈદા કરે.

ઉપરના ફકરામાં જે સખાવતની ઝિક્રે ખૈર થઈ તેના વાસ્તે મૌલાના અલી અમીરૂલ મુમેનીનનો એક વાકેઓ દરજ કરવાને લાઈક છે. એક વક્ત એક જંગમાં એક કાફિર મૌલાના અલી (અ.સ.) ના મુકાબેલા પર આવો અને તેં પોતાના હથિયારો સાથે આપના સાથે ખૂબ જંગ કીધી. મોટા જુસ્સા વાલો, કદાવર પહેલવાન હતો, જલ્દી હાર માને એવો ન હતો. મગર એને એ પણ ખબર હતી જ કે, જે સાહેબ એના મુકાબેલા પર છે, એ સાહેબે ઝુલફિકાર છે, હયદરે કર્રાર છે. આપ મૌલાના વાર અને હુમલા એટલા શદીદ હતા કે, એ થોડી જ વારમાં થાકી ગયો અને તેના હાથ-પગ લરઝવા લાગા. કહેવા લાગો કે, **" અય ઈબ્ને અબી તાલિબ! મેં જાણું છું કે, હવે હું આપની તલવારથી બચનાર નથી, મારી આખિરી ખ્વાહિશ છે કે, આપ આપની આ તલવાર મને હદીયો કરી દો. "**

આપ મૌલાએ આપની તલવારને એના સામે ફેંકી દીધી અને કહ્યું કે, લે આ! તારી ખ્વાહિશ મેં પૂરી કીધી. કાફિર બોલો કે, "અય અલી! હું આ જંગમાં આપના કત્લ કરવાના ઈરાદાથી આવો છું અને આપે તો મારા કહેવા પર આપના આ હથિયારને મને બખ્શી દીધું. આપને આપની જાનનો ખૌફ ન થયો?" આપ મૌલાએ ફરમાવું કે, "અય શખ્સ! તુંએ તારી ખ્વાહિશ ઝાહિર કરીને હમારા નઝદીક હાથને ફેલાવો તો તે હમારા અખ્લાક અને હમારી સખાવતથી ખિલાફ હતું કે, હમેં કોઈ સાઈલના સવાલને રદ્દ કરીએ! સાઈલની હાજિતને હમેં હમારી જાન કરતા ઝિયાદહ અઝીઝ ગીનીએ છીએ." આપના આ સખુન સાંભલીને તેં આપના કદમમાં તલવારને મુકી દીધી અને આપના હાથ પર ઈસ્લામો ઈમાનથી મુશર્રફ થયો.

યા અલીયો યા અઝીમ, યા અલીયો યા અઝીમ ✫

**નાનો તોહફો, મગર દિલની ચાહતથી અપાયેલો હોય તો મોટો છે.**

## ઇબરતનાક અહાદીસે બની ઇસ્રાઇલ - કિસ્સો ૨૮

# મુસીબત ઉપર સબર કરો, તમેં જાણતા નથી કે તમારા વાસ્તે ખૈર કહાઁ છે!

ખુદાતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ નહેલની આખિરી આયતોમાં ફરમાવે છે કે, "જો તમેં સબર કરો તો સબર કરવું તો સબર કરનારાઓ વાસ્તે ખૈર છે. અય અલ્લાહના નબી! આપ તો સબર કરો, કેમકે આપનો સબર ખુદાની મદદથી જ છે. તે કાફિરોના આઅમાલ અને સુલૂકથી તેના પર ગમ ન ખાઓ અને તેઓના મકરો ફરૈબથી તંગીમાં ન પડો. ઝરૂર, આપને મદદ કરનાર ખુદા તે લોગો સાથે છે કે જે મુત્તકી-પરહૈઝગાર બના અને તે લોગો સાથે છે કે જે એહસાન કરનારાઓ છે."

સબર કરવો ઘણો જ ભારી અમલ છે. પણ જે સબર કરી ગુઝરે છે અને ખુદાતઆલાની મદદ ચાહે છે તો તેના વાસ્તે ખૈર જ હોય છે. આ લોગોનો સબર દુશ્મનોંની દગાબાઝી અને ફરૈબકારી તેમજ હાલાતની મજબૂરીથી ખૂટતો નથી. **પણ ખુદાતઆલા પર એવો એતેમાદ હોય છે કે, તેઓ પરહૈઝગારી અને એહસાન કરવામાં કોઈ જ તરહની કમી રાખતા નથી.** તે ઈમાનદાર જ કેવો કે જેના પર પરહૈઝગાર રૂપી ઝીનત ન હોય યા તેના પર એહસાન રૂપી ઝરીતારનું કામ ન કરાયું હોય.

એક મરદે સાલેહ, શખ્સે મુખ્લિસ પોતાના ગામથી એક કાફલા સાથે સફર પર નિકલા. સાથે ભારી સામાન હતો. એના સાથે દીકરો હતો જે ઊંટ પર બેસીને સામાનની હિફાઝત કરતો હતો. સફરની શિદ્દત વધતી જાતી હતી અને ઝાદે સફર ખૂટતો જાતો હતો. જે વક્ત કાફલો જંગલથી ગુઝરતો હતો અને એક મંઝિલ પર રૂકો તો એ શખ્સના ઘોડાના પગમાં ઈઝા થાવાના સબબ આગલ ચાલી ના શકો અને તે જ જગા પર બેસી ગયો. બેવે બાપ-દીકરા લાચાર થઈ ગયા અને પોતાના ઘોડાને એકલો છોડીને પણ જઈ શક્તા ન હતા. ફજર થાવા આવી હતી, **લેહાઝા કાફલાવાલા તે બેવેને છોડીને આગલ વધી ગયા.** એ શખ્સ પાસે ઘોડાનો ઈલાજ કરવા જે કઈ નુસ્ખા હતા તે આઝમાવીને જોયા. પૂરો દિન નિકલી ગયો અને રાત પણ જંગલમાં જ ગુઝારવી પડી.

ફજર પડતા જ દીકરાએ કહ્યું કે, અય બાવાજી! હમેં કહાઁ તક આ જંગલમાં પડી રહીશું? હમારો કાફલો તો હમણા તક સહી-સલામત મંઝિલ પર પહોંચી ચુકો હશે. યહાઁ પર આ વહેશતનાક જગામાં અપની જાનને ખતરો છે. એ શખ્સે મુખ્લિસે જવાબમાં કહ્યું કે, અય દીકરા! તમેં થોડો સબર રાખો, **પરવરદિગારે હમારી કિસ્મતમાં જે કઈ લખેલું છે તેમાં ખૈર હશે અને હમારી જાન વાસ્તે મુનાસિબ હશે.** થોડો વક્ત ગુઝરો કે, ઘોડાની હાલત સુધરવા લાગી અને જોતજોતામાં તે ઊભો થઈ ગયો. બેવે જણાએ ખુદાનો શુક્ર કીધો અને ખુશી-ખુશી મંઝિલ તક જલ્દીથી પહોંચવા વાસ્તે બાકીના સફરની તૈયારી કરવા લાગા.

સફર તો ખૂબ જ આસાનીથી તય થઈ ગયો પણ જે વક્ત બેવે બાપ-દીકરા ગામમાં પહોંચા તો જોયું કે, કાફલાના તમામ લોગો નહેરમાં ગુસ્લ કરી રહ્યા હતા. ઘણા જ થાકેલા અને ગમગીન હતા. એમ લાગતું હતું કે, કોઈ મોટો દર્દનાક હાદેસો બનેલો છે. બેવેથી રહેવાયું ના! કાફલાનો એક શખ્સ જે જાણ પહેચાનમાં હતો તેના નઝદીક બેવે ગયા અને પૂછું કે, તમેં યહાઁ બધા એક સાથે ગુસ્લ શું કામ કરી રહ્યા છો? તમારા કપડા પર આ નિશાન શેના છે! જવાબ મિલો કે, "**અય ભાઈ! તમેં બેવે ખુશકિસ્મત છો. તમને મુબારક થાય, મુબારક થાય.** ખુદાએ તમને જંગલમાં સહી પણ ખૈરો આફીયતથી રાખા. તમેં ત્યાં સુકૂનો રાહતથી રહ્યા.

બનું એમ કે, જે વક્ત હમેં ગામમાં પહોંચા તો ઈત્તેફાકથી યહાઁના અમીરના ઘરમાં ભયાનક આગ લાગી. ઘણા બધા મકાનો તેની લપેટમાં આવી ગયા. પૂરા ગામમાં નાસભાગ અને અફરાતફરી મચી ગઈ. હમને જોઈને અમીરે હમારાથી મદદ માંગી. હમેં ઈન્કાર ન કરી શકા, કેમકે હમને યહાઁ પર જ રાત ગુઝારવાની હતી. પૂરી રાત હમેં નહેરથી પાની લાવી-લાવીને આગને બુઝાવવાની અને તેને કાબૂમાં લેવાની કોશિશ કરતા રહ્યા. બૈરો અને બચ્ચાંને બચાવવાને વાસ્તે

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**નાની વાત, મગર સાચી હોય તો મોટી છે.**

## આઝાદ ઊંટ (અપની ઝબાન)

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની નુબૂવત ફકત ઈન્સાનોં પર જ નોતી, પન જે વક્ત આપે મક્કા શહેરથી મદીના હિજરત કીદી તો આપની નુબૂવત ઔર વધારે અયાઁ થઈ, ઝાહિર થઈ અને દીને ઈસ્લામને ફલવા-ફૂલવા વાસ્તે ઉમ્દા માહૌલ અને ખુલ્લી ફિઝા મયસ્સર થઈ. યહૂદીઓ અને નસરાનીઓમાં આપની ફઝીલત અને મોઅજિઝાઓની ચર્ચા આમ થઈ. યહાઁ તક કે, પહાડ, દરખ્ત, પત્થર, જાનવર, પરિન્દા વગૈરહ એ આપની માઅરેફત કરીને આપની નુબૂવત કુબૂલ કીદી. આપના ઈન્સાફની શોહરત ફરશ પરસી અરશ પર થાવા લાગી.

મદીનતુલ મુનવ્વરહમાં એક નસરાની હતો. તે ઘના બદા ઊંટોનો માલિક હતો. હર સાલ નવા જવાન ઊંટોને ખરીદતો, તેનાથી સખત કામ લેતો અને જે વક્ત ઊંટ બુઢ્ઢા થઈ જાય તો કાં તો તેને વેંચી દેતો કાં તો ઝબેહ કરી નાખતો. આ ઊંટોમાં એક ઊંટ હીવો હતો કે જે નસરાનીને બઉં જ પ્યારો હતો પન તે ઝઈફ થઈ ગયો હતો. થોડા વરસ તક તો તેને પોતાના પાસે રાખો, ખાવાનું-પીવાનું આપીને સંભાલો, માઅમૂલી કામ કરાવું પન આખિરકાર તે ઊંટને ઝબેહ કરવાની તૈયારી કીદી. જે વક્ત નસરાની છુરી લઈને આવો અને ઊંટે છુરી જોઈ કે તરત જ ઊભો થઈ ગયો અને તાંસી નાસીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઘરના દરવાઝા પર આવીને ઊભો થઈ ગયો.

નબી સાહેબ પર સલામ બોલો અને દરવાઝા પર પોતાના મોહસી આવાઝ કીદો. આપ બાહર નિકલા અને તેના સામી ઊભા થઈ ગયા. ઊંટે આપનો નૂરાની ચહેરો જોઈને માથું ઝમીન પર ઝુકાવી દીદું. પછી આહિસ્તાથી આપના નઝદીક ફરીયાદ કરવા લાગો કે, ફલાઁ નસરાની મને ઝબેહ કરવા ચાહે છે, હાલાંકે મેં તેની ખિદમત કરી-કરીને બુઢ્ઢો થઈ ચુકો છું. આપે નસરાનીને તલબ કીદો અને કહ્યું કે, આ તારો ઊંટ તારી ફરીયાદ કરે છે. કાં તો તું મને આ ઊંટ વેંચી દે યા મને હદીયો કરી દે. નસરાનીએ ઊંટને નબી સાહેબને તોહફામાં આપી દીદો. તો આપે તે ઊંટને આઝાદ કરી દીદો. તે બાદ ઊંટ આઝાદી સી મદીનામાં ફિરતો અને કોઈ પન તેને કઈ પન જમવાસી કે ચરવાસી મના કરતા નહીં. બલકે લોગો તેનો એહતેરામ કરતા અને કહેતા કે, હાઝા અતીકો રસૂલિલ્લાહ - યાઅની આ ઊંટ તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો આઝાદ કીધેલો છે. કોઈ તેને પરેશાન ના કરે અને તેને જે પસંદ હોય તે તેને કરવા દે. ✯

---

(પેજ નં. ૧૧ નું બાકી)

હમેં હમારી જાન લડાવી દીધી. આગના કાલા ધુમા અને રાખ સામે લડતા-લડતા હમારા કપડાની આ હાલત થઈ ગઈ. લેહાઝા, કપડા ધોવા અને તરો તાઝા થાવા હમેં આ નહેર પર આવા છીએ. **વલ્લાહ! હમેં ખૂબ જ બલાઓ મહેનત સાથે રાત ગુઝારી છે.**"

શખ્સે મુખ્લિસે પોતાના દીકરાને કહ્યું કે, જોયું બેટા! તમને વાત સમઝમાં આવી. અપના ઘોડાનું બીમાર પડવું કઈ આમને આમ ન હતું. અપનું જંગલમાં રાત ગુઝારવું કઈ બેમાઅના ન હતું. પણ તેમાં ખુદાએ અપના વાસ્તે ખૈર ચાહ્યું હતું. તો હું તમને નસીહત કરૂં છું કે, તમેં હમેશા બલા-આફત-તકલીફ પર સબર કરતા રહેજો. **નથી ખબર કે, ખૈર કહાઁ પર પિન્હા છે.** જો સબર કરવામાં ચુક થઈ ગઈ તો શાયદ ખૈરના હાસિલ કરવાથી તમેં બેનસીબ થઈ જાશો.

અય કારેઈન! આજે લોગો દરમિયાન એવી તલબ, માંગ કે તકાઝા થઈ ગયા છે કે, કોઈ પણ ચીઝને જલ્દી કરવાની અને તેના રિઝલ્ટ ફૌરન મિલા જાય તેવી બદ-ઝહેનીયત બની ગઈ છે. તેમાં ફાયદા કરતા નુકસાન ઘણું છે. ખુદાતઆલાએ હર એક કામનો અજલ-વક્ત મુકર્રર કીધો છે. જો વક્તને પહેલા થાય યા વક્ત પછી થાય તો આ બેવે સૂરતમાં તે તકલીફદેહ છે. જેમ નમાઝના વક્તો મુકર્રર છે, રોઝા રાખવાના અય્યામ મુકર્રર છે, હજ્જના મહીના મુકર્રર છે, તેમ હર તે કામ જે ખુદાની હિકમતથી થાય તેમાં કામિયાબી અને કરારીયત મિલવામાં કોઈ શક નથી. ✯

**નાનું કદમ, મગર તજરૂબા અને હુશિયારીથી લીધેલું હોય તો તે મોટી કામિયાબી છે.**

**નાની નસીહત, મગર અચ્છાઈ તરફ લઈ જાનારી હોય તો અઝીમ છે.**

## નમાઝ અને વુઝૂના વિડીયો

મુમેનીનને ઈલ્મ થાય કે, YouTube પર અપની મઝહબી ચેનલ "Alavi Bohras" પર પાઁચે નમાઝોના મુખ્તલિફ Videos દોઆઓ સાથે મુકવામાં આવેલા છે. ફરઝ, સુન્નત અને નાફેલતની નમાઝોને તેને કઇ તરહ પઢાય અને અરકાન શું હોય તેની સમઝ આપીને બતાવવામાં આવેલું છે. આ સાથે વુઝૂના તમામ અરકાન, દોઆઓ, તેની માઅના અને અપની ઝબાન સાથે સાથે English માં પણ તેની તફસીલવાર સમઝ આપવામાં આવી છે. હર તબકાના નમાઝીઓ પછી તે નવા મીસાકવાલા હોય, શાદીશુદા હોય, જવાન કે બુઝૂર્ગ હોય, સ્કૂલ, કોલેજ યા મદ્રસામાં જાનાર મોટા બચ્ચાઓ હોય, તમામ પર લાઝિમ છે કે આ Videos ને ગૌરથી જોઇ, બચ્ચાઓને બતાવે અને જે કઇ ખામી કે કુસૂર પોતાની વુઝૂ યા નમાઝમાં હોય તેને આ Video ના ઝરીએ સુધારી લે, ઈસ્લાહ કરી લે. તાકે હવે પછી આવનાર મહીનાઓ રજબ, શાઅબાન અને રમઝાનની ઈબાદતો મુમેનીન-મુમેનાત સહી તૌરથી અદા કરી શકે અને હક્કદારે સવાબો અજર થાય. ✯

## અપની અલવી બોહરા વાનગીઓના વિડીયો

ઘણા સાલોથી ઈરાદો હતો કે, જે મુજબ દાઅવતે શરીફહના મરકઝ પરથી વક્તન-ફ-વક્તન દોઆઓના મજમૂઆ, નમાઝ-વુઝૂની તરતીબના સહીફા, કુલ આઅમાલના સિલસિલામાં કિતાબ, તારીખ, અકીદા, ઈલ્મી સવાલ-જવાબની કીતાબ વગૈરહ મુમેનીનના ઈસ્તેફાદા વાસ્તે શાયેઅ થાય છે, તે જ મુજબ અપની જમાઅતની મખ્સૂસ વાનગીઓની એક મુકમ્મલ બુક હોવી જોઇએ, જેમાં મુમેનાત કઇ કઇ ચીઝો ઈસ્તેમાલ કરે છે, કેવી રીતે બનાવે છે અને કયા મૌસમમાં અને કયા મૌકા પર બનાવે છે તેની માહિતી હોવી ઝરૂરી છે.

આજના ઈન્ટરનેટના વક્તમાં આ ચીજ ઔર આસાન થઇ છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની ઈજાઝતથી અત્તૈયેબાત અંજુમનને આ ચીઝ કરવાનો બેડો ઉઠાવો છે. એવી ઘણી વાનગીઓ છે જે ફક્ત અપના મુમેનાત-બુઝુર્ગો એક ઝમાનામાં બનાવતા હતા અને આજે તે ભુલાઇ ગઇ છે. તૈયાર જમન, ફાસ્ટ ફૂડ, પેક્ડ ફૂડ અને અમુક જમવાની આદતોના સબબ જે વાનગીઓમાં અપની જમાઅતની ખાસીયત છે તેના પર આહિસ્તા-આહિસ્તા બટ્ટો અને દાગ લાગી રહ્યો છે. ઝરૂરી છે કે તે વાનગીઓ ને અપની જવાન દીકરીઓ શીખે અને જૂની તરઝથી બનાવાતા પકવાનોને દોબારહ ઝિંદા કરે.

તેની શુરૂઆત આ રજબ મહીનાથી અત્તૈયેબાતે "સોદન્નુ" અને "કલમરો" ના વિડીયોને YouTube પર મુકીને કીધેલી છે. Alavi Bohras Traditional Recipes ની Channel પર વક્તન-ફ-વક્તન મુખ્તલિફ વાનગીઓના વિડીયો મુકવામાં આવશે. મુમેનાત પર લાઝિમ છે કે આ ચેનલને Subscribe કરે જેથી જે વક્ત પણ નવો વિડીયો Upload થાય કે ફૌરન Notification હાસિલ થઇ શકે. કોઇ પણ તરહનું Suggestion હોય તો મુમેનાત at-taiyebaat@gmail.com પર Email કરી શકે છે. ✯

### -: Kids Care Play Center :-

With the Blessings of Spiritual Head of Alavi Bohra Community, Star Charitable Trust and Tadbeer Foundation are pleased to launch a joint venture of **"Kids Care Play Center"** in the coming month of June at Ajwa Road.

**Admission Forms** for the year 2017-18 will be distributed from

**Date** :- 1st April 2017 to 30th April 2017 **Time** :- 10am to 12pm

**Venue** :- Flat No 110, Taj Complex, Ajwa Road, Vadodara. ✯

**નાની નોકરી, મગર ઈત્મિનાન-બખ્શ હોય તો તે મોટી રોઝી છે.**

## " નામે ગિરામી અલી (અ.સ.) "

સૂએ હરમ ઝૂમકર બાદે બહારી ચલી,
ફરતે ખુશી સે ખિલી કાઅબએ દિલ કી કલી,
કૂચે સંવરને લગે સજ ગઈ હરએક ગલી,
બોલ ઉઠે જિબરીલ આ ગયે હક્ક કે વલી,
લૌહે અઝલ પે લિખા હક્કને બખત્તે જલી,
નામે ગિરામી અલી.

કૌન હે શૈરે ખુદા દિલને કહા યા અલી,
કૌન હે મુશ્કિલકુશા દિલને કહા યા અલી,
કૌન હે શહે લાફતા દિલને કહા યા અલી,
કૌન હે હાજિતરવાઁ દિલને કહા યા અલી,
જિન્નો મલાઈક બશર જપતે હે નાદેઅલી,
નામે ગિરામી અલી.

કિસકે લિયે શક્ક હુઈ હે યે જિદારે હરમ,
ખાનએ કાઅબે મેં યે આયે હૈં કિસકે કદમ,
કાંપ ઉઠે બુત તમામ કાંપ ઉઠા હર સનમ,
કૌન હે વો ઝીવકાર કૌન હે વો ઝીહશમ,
મૈંને કહા જાનેમન નામ હે ઉનકા અલી,
નામે ગિરામી અલી.

કબ્ઝએ કુદરત મેં હે આપકે કૌનો મકાઁ,
માલિકે અરઝો સમાઁ, કાસિમે નારો જિનાઁ,
લેતે હૈં નામ આપકા, દર્દ મેં પીરો જવાઁ,
વાસ્તે અત્ફાલ કે નામ હે તાઅવીઝે જાઁ,
રહેતા હે લબ પર મેરે શામો સહેર યા અલી,
નામે ગિરામી અલી.

સદકએ તૈગે અલી મરહબો અંતર કા સર,
હો ગયા સીના-સિપર કિલ્અએ ખૈબર કા દર,
નફસે નબી બુલ હસન હક્ક કી સદફ કા ગોહર,
હક્ક કી મશીયત તમામ આપકે ઝૈરે અસર,
આપને પાઈ સનદ લાફતા ઈલ્લા અલી,
નામે ગિરામી અલી.

બાદશાહે ઈન્સો જાઁ સાહેબે સૈફો કલમ,
મેહરે માહો કહેકશાં આપકે નકશે કદમ,
ખાનએ કાઅબા કે સબ આપને ઢાયે સનમ,
મોહરે નુબૂવત સે ભી આપ હુએ મોહતરમ,
વહેમો ગુમાઁ સે બલંદતર હે મકામે અલી,
નામે ગિરામી અલી.

આદમો નૂહો ખલીલ, મૂસાઓ ઈસા તમામ,
રૌઝે અઝલ સે અલી આતેં રહેં સબકે કામ,
બન ગયે હિજરત કી શબ આપ હી બસ લાકલામ,
ખત્મે રોસોલ આપકો કર ગયે કાઈમ મકામ,
આપ વસીએ રસૂલ આપ ખુદા કે વલી,
નામે ગિરામી અલી.

ઈશ્કે અલી સે મેરે દિલ કા હે લબરૈઝ જામ,
પીતા હું મૈં શરબતે હુબ્બે અલી સુબ્હો શામ,
હે અય મુમિન આપકે માલો નફસ મુઝ પર હરામ,
યા અલી મૌલા મેરે મેં આપકા અદના ગુલામ,
નકશ હે દિલ પર મેરે આપકા ઈસ્મે જલી,
નામે ગિરામી અલી. ✫

**તું જૌહરે સખા કો અલી કી ડગર સે લે,**
**દિલ સે દિમાગ સે કભી અપને જિગર સે લે,**
**રાહે તલબ કો દેખ કે એક એક દર સે લે,**
**ચશ્મે કરમ સે માંગ કે અપની નઝર સે લે,**
**યે ઈલ્મ કી હે ભીક ઈસે હર બશર સે લે,**
**શીરીં ઝબાઁ મેં હુસ્ને બયાઁ હર હુનર સે લે,**
**લેકિન ફિઝા સુખન કી નસીમે સહર સે લે,**
**યે હુસ્ન યે જમાલ કો હુસ્ને નઝર સે લે,**
**ફિર લુત્ફ ઈસકા લેના હો ઈસકે સમર સે લે.**

હોતી હે જિસકો મોહબ્બત અલી કી,
રહેતી હે ઉન પર ઈનાયત અલી કી,
દોનો દુનિયા મેં હુવા વો કામિયાબ,
મીલ ગઈ જિસકો હિમાયત અલી કી.

**નાની દોઆ, મગર આહોઝારી અને ઈન્કેસારી સાથે હોય તો તે મોટી ઈબાદત છે.**

## ૪૩ માં દાઈએ અન્વર સૈ. યૂસુફ નુરૂદ્દીન સાહેબ (ક.રૂ.)

**ઉર્સ મુબારક : ૧૭ રજબ**

જઝબાત સિમટ કર લબે ગુફતાર તક આયે,
લફઝો મેં ઢલે જુરઅતે ઈઝહાર તક આયે.
દાઈ કી મોહબ્બત મેં ઝુલેખાઈ કે સદકે,
યૂસુફ હો અગર કોઈ તો બાઝાર તક આયે.
હર ઝખ્મ પે રખતે હુવે કુછ મરહમે પુરસિશ,
તુમ હો વો મસીહા કે જો બીમાર તક આયે.
અય ખિઝ્ર-સિફત, રાહનુમાઈ મેં તુમ્હારી,
ભટકે હુવે હમ મંઝિલે દિલદાર તક આયે.
જિન લોગો કે દામન મેં કોઈ ફૂલ નહીં થે,
વો લોગ ભી જબ આપકે ગુલઝાર તક આયે.
જબ જબ ભી બઢી ગરમીયે ખુરશીદે મુસીબત,
ઘબરાકે ઈસી સાયેએ દીવાર તક આયે.
ફૈઝાને કરમ આજ ભી જારી હે તુમ્હારા,
યે શર્ત હે લેકિન જો દરે યાર તક આયે.
ઈનકે હી વસીલે સે સબા હલ હુઈ મુશ્કિલ,
બા-કૈફો સુરૂર સુબ્હ કે આસાર તક આયે. ✯

## તિજારત


**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**


## અલ મૌલા-અલ મુકદ્દસ સૈ.વ.મૌ. અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (રિ.અ.)

**પહેલો ધારો અને ઉર્સ મુબારક : ૫ શાઅબાન**

તૈયેબ ઝિયા મૌલા તો મસર્રત કા ચાંદ હે,
હક્કન યે આસ્માને ઈમામત કા ચાંદ હે.
ઉસકો ઝવાલ ક્યા જો અઝલ સે હે ઝૌફિશાં,
યે સાહેબે કમાલ કમાલત કા ચાંદ હે.
તૈયેબ કો મિલી હે ઝિયા, યૂસુફ કે ફૈઝ સે,
હાતિમ ઝકી, તૈયેબ હી કી દાઅવત કા ચાંદ હે.
રોઝે મેરે કુબૂલ, ઈબાદત મેરી કુબૂલ,
મૌલા તેરી વલા તો ઈનાયત કા ચાંદ હે.
અય મૌલા તેરે જામ સે કૌસર મિલા મુઝે,
સલસલ તેરા કરમ હે, તું જન્નત કા ચાંદ હે.
તેરી ઈનાયતોં કા કહાઁ શુક્ર હો અદા,
હમ ઝર્રે ખાક કે હૈં, તું અઝમત કા ચાંદ હે.
મૌલા ફકીરે દર તેરે આયે હૈં બખ્શ દો,
તેરી દોઆએ ખૈર જો દૌલત કા ચાંદ હે.
હર રોઝ ક્યું ન રોઝ હો ઈદે સુરૂર કા,
રોશન જો પંજતન કી શહાદત કા ચાંદ હે.
મૌલા કે આબોતાબ સે આલમ મેં હે હયાત,
આલમ કી બકા આપ સલામત કા ચાંદ હે.
બેશક અજલ કે વક્ત ભી હોગી હમેં ખુશી,
જલ્વાનુમા જો હોગા શફાઅત કા ચાંદ હે.
ગર હે મકામ કદમોં મેં મૌલા કે અય અન્વર,
કિસ્મત મેં તેરી મૌલા કી, મિદહત કા ચાંદ હે. ✯

## તિજારત


**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**


**નાનો સવાલ, મગર આકેલાના અને મુખ્લેસાના હોય તો તે મોટા ઈલ્મી ખઝાનાનો રસ્તો છે.**

## મદ્રસા કયા ચીઝ હે


લફ્ઝ હો તલવાર જિસકે અસલેહા કયા ચીઝ હે,
સાથ મેં કુરઆન હો ફિર મુદ્દોઆ કયા ચીઝ હે,
બુઝદિલોં કો કયા ખબર કે સૂરમા કયા ચીઝ હે,
નાબીના લોગો સે પૂછો આઈના કયા ચીઝ હે,
જિસને દેહલીઝે અદબ મેં જબ કદમ રખ્ખા નહીં,
કયા વો સમઝેગા બતાઓ મદ્રસા કયા ચીઝ હે.

મદ્રસા જિસસે હે રોશન આજ બઝમે કાએનાત,
મદ્રસા દેતા હે હર બસ્તી કો એક જામે હયાત,
મદ્રસા હી બખ્શતા હે ઈલ્મ સે આઅલા સિફાત,
મદ્રસા હર જા હે કાઈમ દેખીયે અબ શશજેહાત,
જિસને દેહલીઝે અદબ મેં જબ કદમ રખ્ખા નહીં,
કયા વો સમઝેગા બતાઓ મદ્રસા કયા ચીઝ હે.

મદ્રસા બાતિલ-શિકન અફકાર કી તન્ઝીમ હે,
ઈલ્મ કે મૈદાન મેં મેઅયાર કી તન્ઝીમ હે,
એક સિપાહી કે લીયે કિરદાર કી તન્ઝીમ હે,
બુઝદિલોં કે વાસ્તે કર્રાર કી તન્ઝીમ હે,
જિસને દેહલીઝે અદબ મેં જબ કદમ રખ્ખા નહીં,
કયા વો સમઝેગા બતાઓ મદ્રસા કયા ચીઝ હે.

સ્કૂલોંમાં સાલાના ઈમ્તેહાનાત પૂરા થાય ને સાથે જ વેકેશનના અય્યામમાં બચ્ચાંઓને ફરાગત, હલકાશ અને વકતની સહૂલત મિલી જાય છે. દીની તાઅલીમ વાસ્તે જે વાલેદૈન ફિકરમંદ, સંજીદહ અને હોશમંદ હોય છે તેઓ વક્ત ઝાયેઅ કીધા બગૈર પોતાના નૌનિહાલ બચ્ચાઓને કોઈ નાગો કે કુસૂર બગૈર વક્તસર મદ્રસામાં મોકલવાની પૂરી તકેદારી રાખે છે. વાલેદૈનની આ નિગાહ અને અમલ બચ્ચા વાસ્તે ફાયદાકુન સાબિત થાય છે. સ્કૂલના કામનો બોઝ ન હોવાના સબબ આ મુખ્તસર ૧ ૧/૨ મહીનામાં મદ્રસાના ઉસ્તાદ સાહેબો યા બચ્ચાઓ દીની તાઅલીમ તરફ પૂરેપૂરૂં ધ્યાન અને તવજ્જોહ આપી શકે છે. બચ્ચાઓ પોતાનો પાછલો અને હાલના સબકને બરાબર યાદ કરી શકે છે.

તો વાલેદૈન પર લાઝિમ છે કે, જો પોતાના બચ્ચાંઓની તાઅલીમ વાસ્તે વેકેશનનો આ કીમતી વક્ત મોહય્યા થયો હોય તો તેને ઉમ્દા તૌરથી તન્ઝીમ બખ્શે અને મદ્રસાની તાઅલીમનો પૂરો ફાયદો ઉઠાવે. ✯



## નમાઝ મેં

**મુમિન હે તું અગર તો ચલ દિલ કો લગા નમાઝ મેં,**
**મસ્જિદ મેં આકે વક્ત પર સર કો ઝુકા નમાઝ મેં,**
**તું દેખ લે હુસૈન કા સર કટ ગયા નમાઝ મેં,**
**મુશ્કિલકુશા કે સર સે ભી ખૂં બહા નમાઝ મેં,**
**પૂછે મુઝે કોઈ કે ક્યા હાસિલ હુવા નમાઝ મેં,**
**કેહ દૂં મૈં ઉસસે ખુદ ખુદા મુઝકો મિલા નમાઝ મેં,**
**મૈં કયા હું ઔર કૌન હું પાયા પતા નમાઝ મેં,**
**તય હો ગયા હયાત કા હર મરહલા નમાઝ મેં.** ✯

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.